અપીલ અરજી નં.૩૬૦ તા.૧૮–૧–૧૦

અરજદારઃ– શ્રી અબ્દુલ્લાહ એસ. પટેલ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ)
ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અબ્દુલ્લાહ એસ. પટેલ તથા અન્ય બાપુનગરના રહીશોની તા.૩–૧૨–૦૯ ની અરજીથી ૬ મુદ્દાની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૬૦/૨૦૦૯–૧૦

શ્રી અબ્દુલ્લાહ એસ. પટેલ તથા અન્ય બાપુનગરના રહીશોની તા.૩–૧૨–૦૯ ની અરજીથી ૬ મુદ્દાની માહિતી આપવા બાબતે સ્લમ અપગ્રેડેશન ખાતામાંથી આપેલ જવાબ મોડો અને અધુરો તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૨૦ તા.૩૦–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ) અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને મુળ અરજીની નકલ તથા ટાઉન પ્લાનીંગના જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલ કર્યાની વિગત બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ કક્ષાએથી નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૪૪૨ તા.૮–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારને આપેલ મીહતી પત્ર નં.ટીપીડી/આ.નં.૪૪૧ તા.૮–૨–૧૦ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ તથા જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુઈ/૨૫૦૪ તા.૮–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૨૦૧ તા.૫–૧૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર (સ્લમ અપગ્રેડેશન સેલ) તથા કાર્યપાલક ઈજનેર રાંદેરઝોનને તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી આરટીઆઈ સેલ/વેસ્ટઝોન/૪૯૪ તા.૭–૧૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલ અને ટાઉન પ્લાનર અને મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગને અરજી તબદીલ કર્યાના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધ્કિારી તરફથી અરજદારને આપેલ માહિતી પત્ર નં.એસયુસી/આ.નં.૨૨૬૪ તા.૭–૧–૧૦ ના પત્રની નકલ તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ તરફથી અરજદારને આપેલ માહિતી પત્ર નં.આરટીઆઈ સેલ/૪૪૧ તા.૮–૨–૧૦ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. અરજદારે કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની તા.૩–૧૨–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન મારફતે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ જાવક/૧૨૦૧ તા.૫–૧૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલ તથા કાર્યપાલક ઈજનેર રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ. રાંદેરઝોન તરફથી આરટીઆઈ સેલ/ વેસ્ટઝોન/૪૯૪ તા.૭–૧૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલ મ. જાહેર માહિતી અધિકારીને અને ટાઉન પ્લાનર મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ મ. જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/૪૪૧ થી મુદ્દા નં.૫ અંગે અરજદારને માહિતી આપવામાં આવેલ. જયારે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)પત્ર નં.એસયુસી/૨૨૬૪ તા.૭–૧–૧૦ થી મુદ્દા નં.૧ થી ૪ અને ૬ ની માહિતી અરજદારને આપવામાં આવેલ. મુદ્દા નં.૧. સુરતના ડી.પી.આર. માં બાપુનગર ઝુંપડપટ્ટીના સ્થળાંતર વિશે શું આયોજન છે? હાલમાં જે જગ્યાએ ઝુંપડા છે ત્યાંજ અપગ્રેડ કરવાનું છે કે અન્ય જગ્યાએ જો અન્ય જગ્યાએ હોય તો કયાં અને કેટલા સમયમાં? તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી તરફથી " સુરત ડી.પી.આરમાં બાુનગર ઝુંપડપટ્ટીનો સ્પેસીફાઈડ ઉલ્લેખ સ્થળાંતરના આયોજન બાબતે નથી. હાલમાં જે જગ્યાએ ઝુંપડા છે ત્યાંજ અપગ્રેડ કરવા બાબતનો કોઈ ઉલ્લેખ નથી. પરંતુ સદર ઝોન અથવા તેની નજીકના ઝોનમાં ઉપલબ્ધ આવાસોમાં સ્થળાંતર કરવાનું નકકી થયેલ છે. આવાસોમાં સંપૂર્ણ સુવિધા સાથે તૈયાર થયેથી સ્થળાંતરની કાર્યવાહી કરવામાં આવશે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.ર. બાપુનગરમાં ઝુપડપટ્ટીને સ્થળાંતર કરવા માટેની સંમતિ આપતા કોઈ ડોકયુમેઈન્ટપર જો કોઈએ અહીના લોકોના પ્રતિનિધિ સહી કરી હોય તો તેની નકલ. તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી તરફથી "બાપુનગર ઝુંપડપટ્ટીને સ્થળાંતર કરવા માટેની સંમતિ આપતા કોઈ ડોકયુમેન્ટસ પર લોકોના પ્રતિનિધિ તરીકે કોઈએ સહી કરી નથી. " તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૩. બાપુનગર ઝુપડપટ્ટી વિસ્તારમાં જયારે રોડ ,લાઈટ વિગેરે અપાયા ત્યારનો સાઈટ અને સર્વિસ સ્કીમનો રિપોર્ટ બનેલ હશે તો તેની નકલ. તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે વિગતો અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવી માહિતી આપેલ છે. જેમાં અરજદારે અપીલ અરજીમાં ભુતકાળમાં અમારી જાણ મુજબ ઝુંપડપટ્ટીને રોડ, લાઈટ, આપતા પહેલા સાઈટ અને સ્કીમ રીપોર્ટ બનતા હતા. તો બાપુનગરનો આવો રીપોર્ટ હોવો જઈએ. જો ન હોય તો એમ કહો કે આવો રીપોર્ટ બન્યો નથી. તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં. ૪ રિવર ફ્રન્ટ પ્રોજેકટ ના પ્લાન માટેના નકશો અને રિપોર્ટ. તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે નકશો કે રીપોર્ટ અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવી માહિતી આપેલ છે. રીવર ફ્રન્ટ પ્રોજેકટ વિશે રીપોર્ટ/નકશો જો કોઈ મીટીંગ વિગેરેમાં આ પ્રોજેકટ વિશે ચર્ચા થઈ હોય, આ પ્રપોઝલ ફગાવી દેવાઈ કે ભવિષ્ય માટે અલગ રખાઈ હોય તો તેની માહિતી પણ આપશો. ત્યારે પણ કોઈ સ્થળ કે આયોજન વિશે જે સૂચન થયું હોય ટૂંકમાં આ બહુચર્ચિત પ્રોજેકટની આજે શું સ્થિતિ છે. તેવી માહિતીનો આગ્રહ અરજદારે અપીલ તબકકે રાખેલ છે. મુદ્દા નં. ૫ રાંદેર અને અડાજણ વિસ્તારમાં (ટીપી ૧૧) ના ઈ.ડબલ્યુ.એસ. પ્લોટસના ૧૯૯૬ થી આજ સુધીના થયેલા ફેરફાર કે ઉપયોગની પૂરી માહિતી. તેવા પ્રશ્નના જવાબમાં ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૧૧ (અડાજણ) માં " હાઉસીંગ ફોર એસ.ઈ.ડબલ્યુ.એસ." ના હેતુ માટે ફા.પ્લોટ નં.૫૮ નિહિત થયેલ છે. મોજે રાંદેરની ટીકા નં.૯ સી.સ.નં.૬૮–અ–બ તથા ૬૯–અ–બ ની કુલ ૭૪૫૧ ચો.મી. પાળા યોજના હેઠળની સરકારી જમીન જે વિયર–કમ–કોઝવેના

એપ્રોચમાં જતી હતી  તેના બદલામાં  નગર રચના યોજના સુરત–૧૧  (અડાજણ)  ફા.પ્લોટ નં.૫૮   ( હાઉસીંગ  ફોર એસ.ઈ.ડબલ્યુ.એસ) વાળી જગ્યામાં  તેઓને ફાળવવા જોગ ૭૪૫૧  ચો.મી. જગ્યા પૈકી  ફા.પ્લોટ નં.૫૮ ની ૫૭૪૧ ચો.મી. જગ્યા સ્થા. સમિતિના તા.૨૯–૨–૯૬ ના ઠરાવ નં.૪૧૯/૯૬ થી મંજુર થયા મુજબ  નાયબ કાર્યપાલક ઈજનેર તાપી જમણાં કાંઠા પાળા પેટા વિભાગ–નં. ૨ રાંદેર, સુરતને તા.૧૭–૫–૯૬ ના રોજ સુપ્રત કરવામાં આવેલ છે. હાલમાં સદરહુ જગ્યામાં વેસ્ટઝોન કચેરી ધ્વારા વાહન ડેપો (શાલીમાર) ડેપો તરીકે ઉપયોગમાં લેવાય છે. તેવી માહિતી આપેલ છે. જયારે અરજદારે અપીલ અરજીમાં રાંદેર અડાજણ ટીપી નં.૧૧ ના  ૧૯૯૬ થી  આજ દિન સુધીના  બધા જ ઈ.ડબલ્યુ.એસ.પ્લોટનું શું કરવામાં આવ્યું તેની માહિતી માંગી છે. ફકત આજે બચેલા ખુલ્લા પ્લોટની નહીં આ બધા પ્લોટ પર શું ઉપયોગ કે ફેરફાર કંઈ થયું હોય તે જાણવું છે. તેવી રજૂઆત અપીલમાં કરેલ છે. મુદ્દા નં.૬  પશ્ચિમઝોનમાં અત્યાર સુધી જે.એન.યુ.આર. યોજના હેઠળ  બનેલ આવાસો તેમજ અત્યાર સુધી ફાળ વેલ  આવાસની સંખ્યા   તેમજ ભષ્યિમાં આ યોજના હેઠળ બનનાર આવાસોના અનામત પ્લોટના નંબરો અને વિગતો આ યોજના હેઠળ બનેલ પરંતુ ફાળવણી ન થઈ હોય તેવા આવાસોની સંખ્યાની વિગત (કેટેગરી પ્રમાણે) તેવા પ્રશ્નના જવાબમાં  જાહેર માહિતી અધિકારી તરફથી પશ્ચિમઝોનમાં અત્યાર સુધીમાં જે એનએનયુઆરએમ યોજના હેઠળ બનેલા આવાસો અત્યાર સુધી ફાળવેલા આવાસો અને ફાળવણી ન થયેલ હોય તેવા આવાસોની સંખ્યાની વિગત નીચે મુજબ છે. તેવી માહિતી આપેલ છે.

**પરિશિષ્ટ**

| અ.નં | આવાસ યોજનાનું સ્થળ | કુલ આવાસોની સંખ્યા | ફાળવેલ આવાસોની સંખ્યા | બાકી રહેતા આવાસોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ટીપી ૨૩ (રાંદેર) એફ.પી. ૩૭ | ૮૦ | ૮૦ | – |
| ૨ | ટીપી ૩૦ (રાંદેર) એફ.પી. ૧૪૩ | ૧૧૨ | ૧૧૨ | – |
| ૩ | ટીપી ૨૩ (રાંદેર) એફ.પી. ૫૪ | ૧૨૦ | ૧૨૦ | – |
| ૪ | ટીપી ૨૩ (રાંદેર) એફ.પી. ૬૩ | ૨૬૪ | ૧૫૮ | ૧૦૬ |
| ૫ | ટીપી ૩૦ (રાંદેર) એફ.પી. ૬૧ | ૫૭૬ | ૫૭૬ | – |
| ૬ | ટીપી ૩૨ (અડાજણ) એફ.પી.૧૪ | ૧૯૨ | ૧૯૨ | – |
| ૭ | ટીપી ૩૦ (રાંદેર) એફ.પી. ૪૪ | ૪૦૦ | ૩૮૫ | ૧૫ |
| ૮ | જહાંગીરાબાદ એચ–૮ | ૪૩૨ | – | ૪૩૨ |
| | **કુલ** | **૨૧૭૬** | **૧૬૨૩** | **૫૫૩** |

અનું. નં.૮ ના ૪૩૨ આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે.  વુધમાં ટીપી નં.૧૦ (પાલ) ફા.પ્લોટ નં.૧૯૦,૧૯૩,૧૯૫ અને ૧૯ ૮ ખાતે અંદાજે ૪૫૦ આવાસો બાંધવામાં આવનાર છે. તેવી માહિતી અરજદારને પૂરી પાડેલ છે. જે બાબતે અરજદારે ટાઉન પ્લાનીંગનો જવાબ મળેલ નથી અને સ્લમ અપગ્રેડશનનો જવાબ મોડો અને અધૂરો છે તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ છે. પરંતુ અધૂરા જવાબ બાબતે અરજદારે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. જયારે ટાઉન પ્લાનીંગ વિભાગનો જવાબ  પત્ર નં.ટીપીડીઆ/આરટીઆઈ/૪૪૧ તા.૮–૨–૧૦ થી અરજદારને આપવામાં આવેલ છે. આ  બંને  જાહેર માહિતી અધિકારી નિયત સમય અવધિ બાદ તરફથી માહિતી પૂરી પાડેલ જણાય છે.  જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ  જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા  મુદ્દા નં.૩ અને ૪ અંગે  ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે.  પરંતુ કાયદા હેઠળનું ઈન્કારનું કારણ જણાવેલ નથી.  કે તેમના કાર્યક્ષેત્રમાં  ન હોય તો લાગતને  તબદીલ કરેલ જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૩ અને ૪ બાબતે  લાગત જાહેર માહિતી અધિકારીકે જાહેર સત્તા મંડળને આરટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ તબદીલ કરવા અને તેની  જાણ અત્રે કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)ને  જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૫ અંગે ટીપી નં.૧૧ માં આપેલ માહિતી સિવાય અન્ય કોઈ ઈ. ડબલ્યુ.એસ.ના પ્લોટો અંગે ૧૯૯૬ થી થયેલા ફેરફાર હોય તો તે અંગેની માહિતી હોય તો દફતરી વિગતે પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર  માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>તારીખ :   –૨ –૧૦

ડે.કમિશનર(જનરલ),<br>અને એપેલેટ ઓફિસર<br>સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ),ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી અબ્દુલ્લાહ એસ. પટેલ,